કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી, દાહોદ
જિલ્લા સેવા સદન, છાપરી-દાહોદ
Phone : 02673-239211, E-mail : racdahod@gmail.com

ક્રમાંક:કયદ/વશી/૯૪૩ થી ૯૯૫ /૨૦૨૪, તા.૨૯/૦૬/૨૦૨૪

પ્રતિ,
નાયબ માહિતી નિયામકશ્રી,
દાહોદ

વિષય :- કરાર આધારીત "કાયદા સલાહકાર" ની નિમણૂક માટેની જાહેરાત પ્રસિધ્ધ કરવા બાબત

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, કલેકટર કચેરી, દાહોદ ખાતે ૧૧ (અગિયાર) માસની મુદત માટે "કાયદા સલાહકાર" ની ૧ (એક) જગ્યા માટે કરાર આધારીત નિમણૂક કરવાની થાય છે. આ માટેની લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવા માટેની જાહેરાત આ સાથે સામેલ છે.

સદરહુ જાહેરાત બહોળો ફેલાવો ધરાવતા રાજયના બે દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરાવી પેપર કટીંગ્સ તથા તે અંગેના ખર્ચના બીલ અત્રેની કચેરીમાં મોકલી આપવા વિનંતી છે.

બિડાણ:- પ્રસિધ્ધ કરવાની જાહેરાતની નકલ

29/06/24
(યોગેશ બી.નિરગુડે)
કલેકટર દાહોદ

નકલ સવિનય રવાના:-
- ઉપ સચિવશ્રી 'ન-શાખા', મહેસુલ વિભાગ, નવા સચિવાલય ગાંધીનગર તરફ
- કલેકટરશ્રી, ........................................... (તમામ), ગુજરાત રાજ્ય
  ૨/- આપની કચેરીના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા સારુ.

નકલ રવાના:-
- ડી.આઇ.ઓ.શ્રી, કલેકટર કચેરી, દાહોદ તરફ
  ૨/- આ સાથે સામેલ વિગતો વેબ પેજ પર અપલોડ કરવા સારૂં.
- પ્રાંત અધિકારીશ્રી,..........................( તમામ ) તરફ કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં.
- મામલતદારશ્રી,..............................( તમામ ) તરફ કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં.

- પ્રમુખશ્રી, બાર એસોશીએશન, ડીસ્ટ્રીકટ કોર્ટ દાહોદ તરફ

૨/- જાણ તથા આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં.

- જિલ્લા સરકારી વકીલશ્રી, દાહોદ તરફ કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં.
- અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધિ સારૂં.

## કલેકટર કચેરી, દાહોદ ખાતે કરાર આધારીત કાયદા સલાહકારની નિમણૂક માટેની જાહેરાત

સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : મકમ/૧૦૨૦૧૯/૧૫૧૯/ન, તા.૨૦/૦૯/૨૦૧૯ થી દાહોદ જિલ્લા માટે કરાર આધારીત કાયદા સલાહકારની ૧(એક) જગ્યા (પગાર રૂ.૬૦,૦૦૦/- (ફિકસ) પ્રતિ માસ) ઉભી કરવામાં આવેલ છે. સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : RD/COT/e-file/15/2022/0002/N, તા.૦૬/૦૨/૨૦૨૪ થી ઉકત જગ્યાની મુદત તા.૦૧/03/૨૦૨૪ થી વધુ ૧૧ માસ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ છે. ઉકત જગ્યા ઉપર સરકારશ્રી દ્વારા ઠરાવેલ બોલીઓ અને શરતો મુજબ નિમણૂક કરવા નિયત લાયકાત ધરાવતા અનુભવી ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. અરજદારની ઉંમર આ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખના રોજ ૫૦ (પચાસ) વર્ષથી વધુ હોવી જોઈશે નહી. આ અંગેના અરજીપત્રકનો નમૂનો, લાયકાત તથા અનુભવ અંગે મહેસૂલ વિભાગના તા.૦૬/03/૨૦૧૨ ના ઠરાવથી નક્કી કરેલ પરિશિષ્ટ-૧, પરિશિષ્ટ-૨ તથા પરિશિષ્ટ-૩ કલેકટર કચેરી, દાહોદની વેબસાઈટ dahod.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે. રૂબરૂ મુલાકાત અને અનુભવના આધારે તૈયારી કરેલ પસંદગી યાદી મુજબના ઉમેદવારોએ ભાષા સજ્જતા અંગેનું ઠરાવમાં દર્શાવેલ પરીશિષ્ટ-૩ (ડી) ની જોગવાઇ મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

અરજદારશ્રીએ સંપૂર્ણ વિગતે ભરેલી અરજી સાથે લાયકાત તથા અનુભવના આધારોની પ્રમાણિત નકલો ઉપરાંત ફી પેટે કલેકટરશ્રી, દાહોદના નામનો રૂા. ૧૦૦/- નો ડિમાન્ડ ડ્રાફટ (નોન રીફંડેબલ) રજુ કરવાનો રહેશે.

અરજી સીલબંધ કવરમાં કલેકટર કચેરી, જિલ્લા સેવા સદન, છાપરી, તા.જી.દાહોદ-૩૮૯૧૫૧ ની રજીસ્ટ્રી શાખામાં તા.૨૦/૦૭/૨૦૨૪ ના ૧૮.૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે આર.પી.એ.ડી. થી મોકલી આપવાની રહેશે.

અધૂરી વિગતવાળી તેમજ નિયત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહિ. સંબંધિત ઉમેદવારોને જયારે રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે સ્વખર્ચે તમામ અસલ પ્રમાણપત્રો સાથે નિયત તારીખ, સમય અને સ્થળે હાજર રહેવાનું રહેશે.

તા: ૨૯/૦૬/૨૦૨૪

સ્થળ : દાહોદ

સહી/-

કલેકટર દાહોદ

# કરાર આધારીત "કાયદા સલાહકાર" તરીકે નિમણૂક માટેની અરજી - દાહોદ જિલ્લો

ઉમેદવારનો
તાજેતરનો ફોટો
અહીં ચોંટાડવો.

| | | |
|---|---|---|
| ૧. | ઉમેદવારનું પૂરું નામ (ગુજરાતીમાં)<br>(અટક - નામ - પિતા/પતિનું નામ) | |
| ૨. | ઉમેદવારનું પૂરું નામ (અંગ્રેજીમાં)<br>(અટક - નામ - પિતા/પતિનું નામ) | |
| ૩. | પત્રવ્યવહારનું સરનામું<br>(પિનકોડ સહિત) | |
| ૪. | કાયમી સરનામું (પિનકોડ સહિત) | |
| ૫. | મોબાઈલ નંબર<br>ઈમેઈલ આઈ-ડી | |
| ૬. | જન્મ તારીખ<br>અંકોમાં -<br>શબ્દોમાં - | |
| ૭. | કેટેગરી (કક્ષા) | |
| ૮. | રાષ્ટ્રીયતા | |
| ૯. | લાયકાત | |

| ક્રમ | પાસ કરેલ પરીક્ષા/પદવીનું નામ | બોર્ડ / યુનિવર્સિટી | પાસ કર્યાનું વર્ષ અને માસ | પ્રયત્નની સંખ્યા | કુલ ગુણ | મેળવેલ ગુણ | ટકાવારી અને / અથવા ગ્રેડ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

| | | |
|---|---|---|
| ૧૦. | કોમ્પ્યૂટર વિષયની જાણકારી<br>(ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ ૮ (૧એ) માં થયેલ જોગવાઈ મુજબ ઉમેદવાર કોમ્પ્યૂટર વિષયની જાણકારી ધરાવતા હોવા જોઈશે. જે અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.) | |

૧૧. અનુભવ :

(સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : મકમ/૧૦૨૦૧૦/૧૮૬૦/ન, તા. ૦૬/03/૨૦૧૨ ના પરિશિષ્ટ-3 થી નિર્દિષ્ટ જોગવાઇઓ મુજબ અનુભવની વિગત)

૧૨. જાણતા હોય તે ભાષાઓ :

| ભાષા | બોલી શકો | વાંચી શકો | લખી શકો |
|---|---|---|---|
| અંગ્રેજી | | | |
| ગુજરાતી | | | |
| હિન્દી | | | |

(સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : મકમ/૧૦૨૦૧૦/૧૮૬૦/ન, તા. ૦૬/૦૩/૨૦૧૨ ના પરિશિષ્ટ-૩ (ડી) માં નિર્દિષ્ટ ભાષા સજ્જતાનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય તેવા ઉમેદવારોની અરજીઓ સ્વીકારવામાં આવશે, ત્યારબાદ મળેલ તમામ અરજીઓ પરત્વે પસંદગી સમિતિ દ્વારા ઉમેદવારોના રૂબરૂ મુલાકાત અને અનુભવના આધારે તૈયારી કરેલ પસંદગી યાદી મુજબના ઉમેદવારોએ ભાષા સજ્જતા અંગેનું ઠરાવમાં દર્શાવેલ પરીશિષ્ટ-૩ (ડી) ની જોગવાઇ મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.)

## : બાંહેધરી :

આથી હું ..............................................................ખાતરીપૂર્વક જાહેર કરું છું કે, ઉપર જણાવેલ તમામ વિગતો સાચી છે અને જો તેમાં કોઇપણ વિગતો ખોટી હશે તો તે અંગે સક્ષમ અધિકારીનો નિર્ણય અંતિમ અને મને બંધનકર્તા રહેશે. મેં મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : મકમ/૧૦૨૦૧૦/૧૮૬૦/ન, તા. ૦૬/૦૩/૨૦૧૨ ની જોગવાઇઓ, બોલીઓ, શરતો વાંચી છે જે મને બંધનકર્તા રહેશે. સદર ઠરાવમાં કરેલ જોગવાઇ મુજબના ભરતી નિયમો મને કબુલ મંજુર છે. ભવિષ્યમાં હું આ અંગે કોઇપણ જાતની તકરાર કે વાંધો ઉઠાવીશ નહિ તેની ખાતરી આપું છું.

સ્થળ : ..............................................

તારીખ : ઉમેદવારની સહી

જિલ્લા કક્ષાએ કરાર આધારીત કાયદા અધિકારીઓની નિમણૂંક અંગેના અનુભવ, લાયકાત તથા નિમણૂંકની બોલીઓ અને શરતો નિયત કરવા બાબત

ગુજરાત સરકાર

મહેસૂલ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૦૨૦૧૦/૧૮૯૦/ન

સચિવાલય, ગાંધીનગર.

તા., ૨૨/૧૨/૨૦૧૧

1 JAN 2012

5 MAR 2012

**આમુખ:**

સરકારી, ખાનગી જમીનો, મિલકતો કે જેમાં સરકારનું હિત સમાયેલું હોય તેવા મોટા ભાગના કોર્ટ કેસોમાં સરકાર વિરુદ્ધના ચૂકાદા આવતાં હોવાથી આવા કેસમાં સરકારનું હિત જળવાય તે માટે જિલ્લા કક્ષાએ કલેકટર કચેરીઓમાં કાયદા અધિકારી તથા તેમના નિયંત્રણ હેઠળ કાયદાકીય બાબતોના જાણકાર તાલીમી મહેકમ ઉભુ કરવાની દરખાસ્ત રજૂ થયેલ હતી.

દરખાસ્ત મુજબ જિલ્લાની સરકારી કે ખાનગી જમીનો સંબંધમાં જુદાજુદા કાયદાઓ અંતર્ગત જે-તે સક્ષમ અધિકારીઓ દ્વારા તેમને મળેલ સત્તાની રૂએ નિર્ણય લેવામાં આવે છે. આ નિર્ણયથી નારાજ થનાર પક્ષકારો દ્વારા ઉત્તરોત્તર દિવાની કોર્ટ, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, નામ. હાઇકોર્ટ અને નામ. સુપ્રિમ કોર્ટમાં દાવાઓ, અપીલો રીવીઝનો દાખલ કરવામાં આવે છે. આવી કોર્ટ મેટરમાં સંબંધિત શાખા/કચેરીઓના કર્મચારી/ અધિકારી દ્વારા જે તે નામ. કોર્ટ તરફથી મળતી પીટીશન સંદર્ભમાં સંબંધિત કેસની ટૂંકી વિગતો તથા પેરાવાઇઝ રીમાર્ક્સ તૈયાર કરી જરૂરી બ્રીફ સહિત સંબંધિત કોર્ટમાં સરકારી વકીલને પહોંચાડવાની તથા જે કેસોમાં નામ. કોર્ટના ચૂકાદા જાહેર થયેલ હોય તે કેસોમાં ચૂકાદાનો સ્વિકાર/અસ્વિકાર કરવા અંગેની કે અપીલ કરવા અંગેની કાર્યવાહી કરવાની હોય છે. તથા જે તે કોર્ટમાં મુદતે હાજર રહેવાની કામગીરી બજાવવાની હોય છે તેના કારણે કચેરી-શાખાની અન્ય કામગીરીને ઘણી જ અસર પડે છે. તેમજ મોટા ભાગના કિસ્સાઓ કે જેમાં સરકારનું હિત હોય છે તેવા કિસ્સાઓમાં કાયદાની જોગવાઇના સાચા અર્થઘટનના પ્રશ્નો બને છે તેમજ વધુ પડતા કામના ભારણને કારણે સરકાર પક્ષે પૂરતી રજૂઆત થઇ શકતી નથી. તેથી જિલ્લા કક્ષાએ કાયદા અધિકારીની નિમણૂંક કરીને ઉપરોક્ત સમસ્યાનું નિરાકરણ થઇ શકે અને સરકારનું જે જમીન કે મિલકતમાં હિત સંકળાયેલું હોય તેવા કેસોમાં સરકાર પક્ષે અસરકારક અને યોગ્ય રીતે સચોટ અને તથ્ય સભર વિગતોની રજૂઆત કરીને સરકારશ્રીને ભોગવવા પડતા આર્થિક નુકશાનમાંથી બચાવી શકાય.

**ઠરાવ:**

આમુખમા જણાવેલ મુદ્દાઓ પરત્વે સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે જમીન, મહેસૂલ તથા નાણાકીય દાવાઓ સહિતના કલેકટર કચેરીઓ સામે ચાલત તમામ કોર્ટ કેસોમાં સરકારશ્રી પક્ષે સબળ રજૂઆત થઇ શકે તેમજ અસરકારક બચાવ થઇ શકે તે માટે જિલ્લા

મહેસૂલી કચેરીઓમાં કરાર આધારીત કાયદા અધિકારીની નીચે મુજબની જિલ્લાવાર કુલ-૧૮ જગા ઉભી કરવામાં આવે છે.

| ક્રમ | જિલ્લાનું નામ | જગાની સંખ્યા |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧ |
| ૨. | અમરેલી | ૧ |
| ૩. | આણંદ | ૧ |
| ૪. | બનાસકાંઠા | ૧ |
| ૫. | ભરૂચ | ૧ |
| ૬. | ભાવનગર | ૧ |
| ૭. | પોરબંદર | ૧ |
| ૮. | રાજકોટ | ૧ |
| ૯. | ગાંધીનગર | ૧ |
| ૧૦. | સાબરકાંઠા | ૧ |
| ૧૧. | જામનગર | ૧ |
| ૧૨. | જૂનાગઢ | ૧ |
| ૧૩. | ખેડા | ૧ |
| ૧૪. | કચ્છ | ૧ |
| ૧૫. | મહેસાણા | ૧ |
| ૧૬. | સુરત | ૧ |
| ૧૭. | વડોદરા | ૧ |
| ૧૮. | પંચમહાલ | ૧ |
| | કુલ | ૧૮ |

૨. કાયદા અધિકારીઓ માટે બાકી રહેતા પાટણ, દાહોદ, ડાંગ, નર્મદા, નવસારી, તાપી, વલસાડ, સુરેન્દ્રનગર જિલ્લાઓને નીચે દર્શાવ્યા મુજબ જિલ્લાઓની સાથે જોડાણ કરવામાં આવે છે.

| ક્રમ | જિલ્લાઓનું જોડાણ |
|---|---|
| ૧. | પાટણ-મહેસાણા |
| ૨. | દાહોદ-પંચમહાલ |
| ૩. | નર્મદા-ભરૂચ |
| ૪. | નવસારી, વલસાડ, તાપી, ડાંગ - સુરત |
| ૫. | સુરેન્દ્રનગર-રાજકોટ |

૩. ઉપરોક્ત ફકરા-૨ માં દર્શાવેલ જોડાણ કરેલા જિલ્લાઓની જગા ઉપર નિયુક્ત થનાર કાયદા અધિકારીની સેવાઓ માટે સંબંધિત બન્ને જિલ્લાના કલેકટરશ્રીઓએ પરસ્પર યોગ્ય વ્યવસ્થા-આયોજન કરવાનું રહેશે.

**૪. કરાર આધારીત નિમણૂંક પામતા કાયદા અધિકારીઓની સેવાની અન્ય બોલીઓ અને શરતો પરિશિષ્ટ-૧ મુજબની રહેશે.**

૫. કાયદા અધિકારીશ્રીઓએ બજાવવાની રહેતી સામાન્ય ફરજો અને જવાબદારીઓની વિગતો પરિશિષ્ટ-૨ મુજબની રહેશે.

૬. કાયદા અધિકારીની કરાર આધારિત નિમણૂંક માટેની લાયકાત તેમજ અનુભવ પરિશિષ્ટ-૩ મુજબનાં રહેશે.

૭. પ્રસ્તુત ઠરાવની જોગવાઇઓ, બોલીઓ, શરતો વગેરે કરાર આધારિત નિમણૂંક પામનાર અધિકારીને બંધનકર્તા છે તે મતલબનું લેખિત બાંહેધરી પત્રક સંબંધિત ઉમેદવારે જે તે જિલ્લા કલેકટરશ્રીને રજુ કરવાનું રહેશે. કલેકટરશ્રીએ આ પ્રકારે મળેલ બાંહેધરીપત્રક સહિતની અરજીઓ વિભાગના તા.૬-૩-૨૦૧૨ના ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૦/૧૮૬૦(૧)/ન થી રચવામાં આવેલ જિલ્લા કક્ષાની પસંદગી સમિતિમાં રજુ કરીને તે અરજીઓ પરત્વે પ્રસ્તુત ઠરાવની વિવિધ જોગવાઇઓ મુજબ જરૂરી ચકાસણી કરાવીને નિમણૂંકપાત્ર ઉમેદવારો અંગે કલેકટરશ્રીના સ્પષ્ટ અભિપ્રાય/અહેવાલસહ મહેસૂલ વિભાગને દરખાસ્ત કરવાની રહેશે. આવી દરખાસ્તની જરૂરી ચકાસણી કરીને કાયદા અધિકારીની કરાર આધારિત નિમણૂંક કરવાની કાર્યવાહી નિયત જોગવાઇ મુજબ યોગ્યકક્ષાએ નિર્ણય લઇની જે-તે ઉમેદવારની જિલ્લાવાર કરાર આધારિત નિમણૂંક કરવાની રહેશે. ઉમેદવારની નિમણૂંક થયેથી તેઓની અરજી, કરારખત, બોન્ડ તથા મહેકમ વિષયક અન્ય રેકર્ડ જે-તે કલેકટર કચેરીએ રાખવા તથા નિભાવવાનું રહેશે.

૮. આ અંગેનો ખર્ચ " માંગણી ક્રમાંક-૭૮, (આયોજન), મુખ્ય સદર-૨૦૫૩, જિલ્લા વહિવટ; ગૌણ સદર-૦૯૩ જિલ્લા મહેકમ ; પેટાસદર-૦૧ કલેકટર કચેરી" હેઠળ ઉધારવો અને નાણાકિય વર્ષ ૨૦૧૧-૧૨ માટે વખતોવખત છૂટી થતી ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

૯. આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૨૦/૮/૨૦૧૧ની નોંધથી તથા સામાન્ય વહિવટ વિભાગની તા.૯/૧૧/૨૦૧૧ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.એસ. પારેખ)
ઉપસચિવ
મહેસૂલ વિભાગ,ગુજરાત સરકાર

પ્રતિ,

- મા.મુ.મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર
- સર્વે નાયબ મંત્રીશ્રીઓ અને રાજય કક્ષાના મંત્રીશ્રીઓ અને સંસદીય સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ) ના અંગત સચિવશ્રી , સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

- મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રી અને સચિવશ્રી(મહેસૂલ), સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(જમીન સુધારણા)ના અંગત સચિવશ્રી , સચિવાલય,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી , સચિવાલય,ગાંધીનગર.
- સેટલમેન્ટ કમિશ્નરશ્રી અને જમીન દફતર નિયામકશ્રી, અમદાવાદ
- ખાસ સચિવશ્રી (વિવાદ) મહેસૂલ વિભાગના અંગત સચિવશ્રી , અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગાંધીનગર
- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા સરકારી વકિલશ્રીઓ.
- સિલેકટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.

## પરિશિષ્ટ-૧

કરાર આધારીત નિમણૂંક પામતા કાયદા અધિકારીઓની સેવાની અન્ય બોલીઓ અને શરતો

(અગિયાર)

(૧) તેઓની આ નિમણૂંક તેઓ હાજર થાય તે તારીખથી પ્રથમ તબક્કે ૧૧ માસની મુદ્દત માટેની રહેશે.

(૨) નિમણૂંક કરનાર કે નિમણૂંક પામનાર એ બન્ને પક્ષો એક માસની નોટીસ આપીને કરાર નિયુક્તિનો અંત લાવી શકશે.

(૩) તેઓએ જિલ્લા કલેકટર કચેરી ખાતે ફરજો બજાવવાની રહેશે.

(૪)તેઓની સામાન્ય ફરજો અને જવાબદારીઓ આ સાથે સામેલ પરિશિષ્ટ-૨ માં જણાવ્યાં પ્રમાણેની રહેશે.

(૫) તેઓને રૂ. ૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પૂરા) માસિક એકત્રિત રકમ મળવાપાત્ર રહેશે.

(૬) ઉપર પ્રમાણેના એકત્રિત વેતન પર તેમને કોઇપણ જાતનાં ભથ્થાં મળવાપાત્ર થશે નહીં.

(૭) કરારના સમયગાળા દરમિયાન તેઓને એકત્રિત વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહીં. મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત તથા પગારપંચના બીજા લાભો મળવાપાત્ર થશે નહીં.

(૮) કરાર સમયગાળા દરમિયાનની નોકરી બદલ વધારાનું પેન્શન, બોનસ, એલટીસી, એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઇ પ્રકારના નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

(૯) કરારના સમયગાળા દરમિયાન તેઓનું અવસાન થાય તો તેમણે બજાવેલ ફરજના સમયગાળાના એકત્રિત વેતનની લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા કોઇ નાણાકીય લાભ, એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા અનુષાંગીક લાભ મળવાપાત્ર થશે નહીં.

(૧૦) તેઓના કામકાજનો સમય સચિવાલય કચેરીના સમય મુજબનો રહેશે. અને તે અનુસાર કચેરીમાં હાજરી આપવાની રહેશે. પ્રસંગોપાત વધુ સમયના કામ માટે કોઇ વળતર ભથ્થું આપવામાં આવશે નહીં.

(૧૧) તેઓને વર્ષ દરમિયાન ૧૨ પરચૂરણ રજા કલેકટરશ્રીની પૂર્વ મંજૂરીથી મળવાપાત્ર થશે અને અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહીં. અનિવાર્ય સંજોગોના કારણે જો તેમને વધુ રજા લેવાની થાય તો તેની ગેરહાજરીના સમયગાળા સામે મળતી માસિક ઉચ્ચક રકમમાંથી પ્રમાણસર થતી રકમની કપાત કરવામાં આવશે.

(૧૨) તેઓએ કાર્યમથક ઉપર રહેઠાણ રાખવાનું ફરજિયાત રહેશે અને કલેકટરશ્રીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહીં.

૯૩

(૧૩) તેઓએ સરકારી કામકાજ અર્થે પ્રવાસ જવાનું થય તો તેવા પ્રસંગે સરકારના પીબી-૨ - માં પે બેન્ડ રૂ. ૧૫૬૦૦-૩૯૧૦૦ ના ગ્રેડ પે રૂ. ૫૪૦૦/- ના વર્ગ-૧ ના જૂના પગાર ધોરણ મુજબ ગણીને તેમને મળવાપાત્ર થતા ન્યૂનત્તમ પગાર મુજબ મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે.

(૧૪) તેઓને ગુજરાત સિવિલ સર્વિસીસ( કન્ડક્ટ રૂલ્સ), ૧૯૭૧ માં ઠરાવેલ બાંબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયે કરારનો સમય કોઇપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.'

(૧૫) તેઓએ આ સાથે સામેલ નમૂના મુજબનું મળનાર માસિક એકત્રીત વેતનની રકમનું બોન્ડ આપવાનું રહેશે.

## પરિશિષ્ટ-૨

## કાયદા અધિકારીશ્રીઓએ બજાવવાની રહેતી સામાન્ય ફરજો અને જવાબદારીઓની વિગતો

(૧) કલેકટર કચેરીના તમામ શાખાના નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષ ચાલતા તમામ કેસોની કામગીરી.

(૨) કલેકટર કચેરી ખાતેની તમામ શાખાઓના નામ. સુપ્રિમ કોર્ટ સમક્ષ ચાલતા કેસોને લગતી કામગીરી.

(૩) ગુજરાત રાજ્ય બહાર અન્ય કોર્ટોમા ટ્રાન્સફર થયેલ કે થનાર કોર્ટ કેસોને લગતી તમામ કામગીરી.

(૪) કલેકટર કચેરીને લગતા કોર્ટ કેસોની કામગીરીના સંદર્ભે નામ. સુપ્રિમ કોર્ટના રાજ્ય સરકારના એડવોકેટ, ગુજરાત હાઇકોર્ટના એડવોકેટ અને આ કામે રાજ્ય સરકાર તરફથી જુદીજુદી કામગીરી સંદર્ભે રોકવામાં આવેલ એડવોકેટ સાથે સંકલનની કામગીરી.

(૫) કલેકટર કચેરીને લગતા કોર્ટ કેસો સંદર્ભે સંબંધીત શાખાઓના લાયઝનમાં રહીને કોર્ટ કેસો તથા તેને આનુષાંગિક કામગીરી ઉપરાંત અંગત રસ લઇ કોર્ટ કેસો સંદર્ભમાં પેરાવાઇઝ રીમાર્ક્સ તૈયાર કરવા, સોગંદનામા તૈયાર કરવા, સરકારી વકીલ અથવા સરકારશ્રી દ્વારા રોકવામાં આવેલ વકીલશ્રીઓને બ્રીફ કરવા તેમજ કેસની મુદત / સુનાવણી દરમિયાન જે તે શાખના સંકલનમાં રહી કોર્ટ ખાતે હાજરી આપવાની કામગીરી અને કેસ ચાલતો હોય ત્યારે સરકારી વકીલશ્રીનું Law Point તરફ ધ્યાન દોરી સરકારશ્રી પક્ષે અસરકારક રજૂઆત થાય તે જોવાની કામગીરી.

(૬) ઉપરોક્ત કામગીરી સિવાય કલેકટરશ્રી તરફથી કોર્ટ કેસોના સંદર્ભમાં જે કોઇ કામગીરી સોંપવામાં આવે તેવી તમામ પ્રકારની કામગીરી.

(૭) ઉપયુક્ત કોર્ટ કેસો માટે કાયદા અધિકારીશ્રીએ જરૂર જણાયે સૂચના મળે સામાન્ય કચેરી સમય ઉપરાંત, પ્રસંગ ઉપસ્થિત થયે , રોકાઇને તેમજ જાહેર રજાના દિવસે પણ કામગીરી બજાવવાની રહેશે. જેના માટે કોઇ વધારાનું મહેનતાણું કે ભથ્થું મળવાપાત્ર રહેશે નહીં.

## પરિશિષ્ટ-3

**Provisions regarding qualification and experience of Legal Officers to be appointed on contractual basis in fixed pay.**

1. To be eligible for appointment by direct selection on contractual basis in fixed pay on the post of Legal Officers under Revenue Department shall-

   (a) not be more than 33 years of age ;

   (b) possess –

   (i) a degree in law (Special) or law with five years' course after Higher Secondary Certificate (H.S.C.) of any of the Universities incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized by the Government or deemed to be a University under section 3 of the University Grant Commission Act, 1956 ; and

   (ii) the basic knowledge of computer application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967.

   (iii) adequate knowledge of Gujarati and/or Hindi.

   (c) (i) have about five years experience as a practicing Advocate or Attorney or Government Pleader in the Subordinate Court of High Court ;

   or

   (ii) have about five years experience as a practicing Advocate or Attorney or Government Pleader in the High Court; or

   (iii) have about five years experience of legal matters in local bodies or Government undertaking Board/Corporation or Limited Company established by law.

   Provided that such period of practice in concerned Court as an Advocate shall be certified by the Registrar General of High Court in case of candidate practicing in the High Court or by the Principal Judicial Officer in case of candidate practicing in the Court Subordinate to the High

Court or Principal District Judge of the concerned district or Principal Judge of the City Civil Court where a candidate is practicing .

(d) the candidate shall have sufficient knowledge of Gujarati so as to enable him to speak, read and write in Gujarati and to translate with ease from Gujarati into English and vice-versa. Such knowledge shall be certified :

(i) in case of an Advocate practicing in the High Court by the Registrar General and in case of an Advocate in Courts Subordinate to the High Court by the Principal Judicial Officer in case of Courts in the city of Ahmedabad or by the Principal District Judge of the district concerned as the case may be,

(ii) in case of a candidate working in local bodies or Government undertaking Board/ Corporation or Limited Company established by law in India, by the Head of the Office under whom such candidate is working.

# SECURITY BOND

Know all men by these presents that I ............................................................ ......................... a candidate selected for contractual appointment to the post of Law Advisor in the office of collector, ............................ wide their office order no. ............................................................................................................ an held and firmly bound up to the Governor of Gujarat exercising the executive power of the Government of the state of Gujarat (hereinafter referred to as the "Government" which expression shall, unless the context otherwise requires, include his successors in office and assigns) in the amount equal to one month's consolidated Remuneration paid to me by Government (hereinafter referred to as "the amount") well and truly to be made I bind myself, my heirs, executors, administrators and legal representatives by these presents security bond. where's I am required under the terms and conditions fixed by the order. execute a bond for refund to the Government the amount in the event of my failure to quitting service before 11 months from the date of contractual appointment or prior to giving one month notice if in case any. Now the condition of the above written bond is that, if I duly and faithfully observe and perform the stipulations and condition on my part to be observed and performed as contained in the said order as a terms and conditions of the said contract annexed with, then the above written bond shall be void, otherwise the same shall remain in full force and effect; provided that without prejudice to other rights or remedies. It shall be open to the Government to recover the amount payable under this bond as arrears of Land revenue.

................................................
signature

In witness whereof I have here to set my hand this day ...................... of ............................ 2024.

| Signed and delivered by the above named in the presence of :- | | |
|---|---|---|
| (1) | ......................................................<br><br>......................................................<br>Name and address | ................................................<br>signature |
| (2) | ......................................................<br><br>......................................................<br>Name and address | ................................................<br>signature |

કલેકટર કચેરીઓના કરાર આધારિત કાયદા
અધિકારીઓની નિમણૂંક કરવા બાબત

**ગુજરાત સરકાર**
**મહેસુલ વિભાગ**
**ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૦૨૦૧૦/૧૮૬૦/ન(પા.ફા.૫)**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા.૨૦.૦૧.૨૦૨૨**

**વંચાણે લીધાઃ-** (૧) મહેસુલ વિભાગનો તા.૬/૩/૧૨ નો ઠરાવ ક્રમાંકઃ- મકમ/૧૦૨૦૧૦/૧૮૬૦/ન
(૨) મહેસુલ વિભાગનો તા.૭/૫/૧૨ નો ઠરાવ ક્રમાંકઃ- મકમ/૧૦૨૦૧૦/૧૮૬૦/ન

**આમુખઃ-**

સરકારી, ખાનગી જમીનો, મિલકતો કે જેમાં સરકારનું હિત સમાયેલુ હોય તેવા મોટા ભાગના કોર્ટ કેસોમાં સરકાર વિરૂધ્ધના ચૂકાદા આવતાં હોવાથી આવા કેસમાં સરકારનું હિત જળવાય તે માટે જિલ્લા કક્ષાએ કલેકટર કચેરીઓમાં સંદર્ભ (૧)ના ઠરાવથી જિલ્લા કક્ષાએ કરાર આધારિત કાયદા અધિકારીઓની નિમણૂંક આપવા અંગે અનુભવ, લાયકાત તથા નિમણૂંકની બોલીઓ અને શરતો નિયત કરવામાં આવેલ છે. જેમાં સંદર્ભ (૨) ના સુધારા ઠરાવથી કાયદા અધિકારીઓની કરાર આધારિત નિમણૂંક માટેની લાયકાત બાબતે વયમર્યાદા ૩૩ ના બદલે ૪૦ વર્ષ નક્કી કરવામાં આવેલ છે. કલેકટર કચેરીઓના કરાર આધારિત કાયદા અધિકારીઓની વયમર્યાદા વધારવાની બાબત સરકારશ્રી કક્ષાએ વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

આમુખમાં જણાવેલ મુદ્દાઓ પરત્વે સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંદર્ભ-૧ ના ઠરાવના પરિશિષ્ટ-૩ ના ક્રમ – 1(a) ની જોગવાઇમાં સંદર્ભ (૨) થી નિયત કરવામાં આવેલ ૪૦ વર્ષની વયમર્યાદાને બદલે ૫૦ વર્ષની મહત્તમ વય નિયત કરવામાં આવે છે. આથી સંદર્ભ-૧ ના ઠરાવના પરિશિષ્ટ-૩ના ક્રમાંક – 1(a) માં "not be more than 40 years of age;" ને બદલે "not be more than 50 years of age;" તે મુજબનો સુધારો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

21.1.22

**(પાયલ બ્રહ્મભટ્ટ)**
ઉપસચિવ
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર

**પ્રતિ,**

- માન.મંત્રીશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(મહેસૂલ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ./સા.વ.વિ)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહિવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહેસુલ તપાસણી કમિશનરશ્રી અને સચિવશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (જ.સુ.)ના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(મહેસૂલ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ.
- સર્વે જીલ્લા સરકારી વકિલશ્રીઓ(સંબંધિત કલેકટર કચેરી મારફત.
- સિલેકટ ફાઈલ-૨૦૨૨.

રાજયની કલેકટર કચેરીઓમાં ૧૧(અગિયાર) માસના ધોરણે મંજૂર કરેલ કુલ-૩૩(તેત્રીસ) કરાર આધારિત કાયદા અધિકારીની જગ્યાનું નામાભિધાન કાયદા સલાહકાર કરી તેઓના માસિક વેતનમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
ઠરાવ ક્રમાંક: RD/COT/e file/15/2022/0001/N
સચિવાલય,ગાંધીનગર,
તા.૨૭/૧૨/૨૦૨૨

**વંચાણે લીધા:-**

૧. વિભાગનો તા.૦૬.૦૩.૨૦૧૨. ના ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૦૨૦૧૦/૧૮૬૦/ન
૨. વિભાગનો તા.૨૦.૦૯.૨૦૧૯. ના ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૦૨૦૧૯/૧૫૧૯/ન
૩. વિભાગનો તા.૦૫.૦૬.૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૦૨૦૨૧/૩૧૩/ન
૪. વિભાગનો તા.૨૦.૦૧.૨૦૨૨. ના ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૦૨૦૧૦/૧૮૬૦/ન (પા.ફા.૫)

**પ્રસ્તાવના:-**

મહેસૂલ વિભાગના વંચાણે લીધેલ સંદર્ભ.(૧),(૨)અને(૩) ના ઠરાવોથી જુદા જુદા નાણાકીય વર્ષોમાં ૧૧(અગિયાર) માસના ધોરણે કરાર આધારિત કાયદા અધિકારીઓની જગ્યાઓ મંજૂર કરી રાજયના તમામ જિલ્લાઓની કલેકટર કચેરીઓમાં જિલ્લા દીઠ ૦૧(એક) એમ કુલ-૩૩(તેત્રીસ) કરાર આધારિત કાયદા અધિકારીઓની જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે. મહેસૂલ વિભાગના વંચાણે લીધેલ સંદર્ભ.(૧)ના ઠરાવથી કરાર આધારિત કાયદા અધિકારીની બોલીઓ અને શરતો નિયત કરવામાં આવેલ છે. મહેસૂલ વિભાગના વંચાણે લીધેલ સંદર્ભ.(૪)ના ઠરાવથી કરાર આધારિત કાયદા અધિકારીના નિમણુક અંગેની વય મર્યાદામાં સુધારો કરવામાં આવેલ છે. આમ, રાજયમાં ઉપર્યુક્ત ઠરાવોથી મંજુર કરવામાં આવેલ તમામ ૩૩ કરાર આધારિત કાયદા અધિકારીઓની જગ્યાઓના નામનું નામાભિધાન કરવા તથા તેઓના વેતનમાં વધારો/સુધારો કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

આથી, કાળજીપૂર્વકની વિચારણાના અંતે મહેસૂલ વિભાગના વંચાણે લીધેલ સંદર્ભ.(૧),(૨) અને (૩)ના ઠરાવોથી જુદા જુદા નાણાકીય વર્ષોમાં ૧૧(અગિયાર) માસના ધોરણે કરાર આધારિત કાયદા અધિકારીઓની જગ્યાઓ મંજૂર કરી રાજયના તમામ જિલ્લાઓની કલેકટર કચેરીઓમાં જિલ્લા દીઠ ૦૧(એક) એમ કુલ-૩૩(તેત્રીસ) ઉભી કરાયેલ કરાર આધારિત કાયદા અધિકારીઓની જગ્યાઓનું નામાભિધાન "કાયદા સલાહકાર" કરવામાં આવે છે તેમજ તેઓને મળવાપાત્ર માસિક ફિકસ વેતન રૂ.૪૦,૦૦૦/-માં વધારો કરીને તે રકમ રૂ.૬૦,૦૦૦/- કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

મહેસૂલ વિભાગના વંચાણે લીધેલ સંદર્ભ.(૧),(૨),(૩) અને (૪)ના ઠરાવથી આ જગ્યાઓ પર નિમણૂંક બાબતે નિયત કરેલ બોલીઓ અને શરતો અંગેની સૂચનાઓ તેમજ વય મર્યાદામાં કરેલ સુધારા અંગેની સુચનાઓ યથાવત રહેશે તેમજ હાલ રાજયની સબંધિત કલેકટર કચેરીઓમાં કરાર આધારિત કાયદા અધિકારી(કાયદા સલાહકાર) જે ફિકસ વેતનથી ફરજ બજાવી રહ્યા છે તેમને આ ઠરાવ તારીખથી બહાર પાડવામાં આવેલ સૂચનાઓ મુજબનો સુધારેલ વેતનનો લાભ મળવાપાત્ર થશે.

આ ઠરાવ મહેસૂલ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૪.૧૧.૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પાયલ બ્રહ્મભટ્ટ)
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

**નકલ રવાના:-**

- અધિક મુખ્ય સચિવશ્રી (મહેસૂલ), મહેસૂલ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રી.(આપના જિલ્લામાં ફરજ બજાવતાં કાયદા સલાહકાર (કાયદા અધિકારી)ના કિસ્સામાં સદરહું ઠરાવની જોગવાઇ મુજબના હુકમો કરી તેની અત્રે જાણ કરવાની વિનંતી સહ)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (સંબંધિત કલેકટર કચેરી મારફત).
- સર્વે જીલ્લા સરકારી વકીલશ્રીઓ, (સંબંધિત કલેકટર કચેરી મારફત).
- નાણા સલાહકારશ્રી (મહેસૂલ),મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ન-૧, ઠ-૩,ઠ શાખા,મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ૨૦૨૨-

ફૈકસ/ તા.૩૧/૩/૧૨

**ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૦/૧૮૬૦/ગ**
મહેસૂલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧/૩/૨૦૧૨

પ્રતિ,
સર્વે કલેકટરશ્રી,

વિષય:- જિલ્લા કક્ષાએ કરાર આધારિત કાયદા અધિકારીશ્રીની નિમણૂંક બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે સમાનક્રમાંકના તા.૬/૩/૧૨ ના ઠરાવથી જિલ્લા કક્ષાએ કરાર આધારિત કાયદા અધિકારીશ્રીનાં અનુભવ, લાયકાત તથા નિમણૂંકની બોલીઓ અને શરતો નિયત કરેલ છે. કાયદા અધિકારીની કરાર આધારિત નિમણૂંકની બોલીઓ અને શરતોમાં બોન્ડ લેવાની જોગવાઇ કરેલ છે પરંતુ જે તે સમયે બોન્ડનો નમૂનો કલેકટર કચેરીઓને મોકલવામાં આવેલ ન હતો. ઉપરોકત ઠરાવની જોગવાઇઓ મુજબ કાયદા અધિકારીશ્રીની કરાર આધારિત નિમણૂંક સમયે આ સાથે બિડેલ નમૂનાનું બોન્ડ લેવાનું આથી સર્વે કલેકટર કચેરીને જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

**(ગણુભા રાજ)**
**સેકશન અધિકારી**
**મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર**

**બિડાણ:- ઉપર મુજબ**

## SECURITY BOND

Know all men by these presents that I ______________________ a candidate selected for contractual appointment to the post of Law Officer in the office of collector,__________ wide their office order no.______________ an held and firmly bound up to the Governor of Gujarat exercising the executive power of the Government of the state of Gujarat (hereinafter referred to as the "Government" which expression shall, unless the context otherwise requires, include his successors in office and assigns) in the amount equal to one month's consolidated Remuneration paid to me by Government (hereinafter referred to as "the amount") well and truly to be made I bind myself, my heirs, executors, administrators and legal representatives by these presents security bond. whereas I am required under the **terms and conditions fixed by the order.** execute a bond for refund to the Government the amount in the event of my failure to quitting service before 11 months from the date of contractual appointment or prior to giving one month notice if in case any. Now the condition of the above written bond is that, if I duly and faithfully observe and perform the stipulations and condition on my part to be observed and performed as contained in the said order as a terms and conditions of the said contract annexed with, then the above written bond shall be void, otherwise the same shall remain in full force and effect; provided that without prejudice to other rights or remedies. It shall be open to the Government to recover the amount payable under this bond as arrears of Land revenue.

______________

Signature

In witness whereof I have here to set my hand this day __________ of __________2012

Signed and delivered by the above named in the presence of:-

(1) ______________ ______________

______________ signature

Name and address

(2) ______________ ______________

______________ signature

Name and address